## મે. રાજકોટના જયુડી. મેજી.ફ.ક.(મેઈન) સાહેબની કોર્ટમાં, રાજકોટ.

**ક્રિમીનલ કેસ નં.૧૪૩૦૦/૧૯**

**ફરીયાદીઃ–** સરકાર

આંક –૧૩

વિરુધ્ધ

**આરોપીઃ–** (૧)મંજુબેન વા/ઓ જગદીશભાઈ છગનભાઈ વાઘેલા
(૨)હંસાબેન વા/ઓ વિજયભાઈ દેવરાજભાઈ ચલ્લા
(૩)ગીતાબેન વા/ઓ પરેશભાઈ કનૈયાભાઈ જગડા
(૪)અલ્કાબેન વા/ઓ અશોકભાઈ વીઠલભાઈ ધધડા
(૫)પલ્લવીબેન વા/ઓ કીર્તીભાઈ રણજીતભાઈ મેહ
(૬)ધર્મિષ્ઠાબેન વા/ઓ તુષારભાઈ બચુભાઈ ધોરડા
રહે.રાજકોટ

**ચાર્જ :– જુગારધારાની કલમ– ૧૨ મુજબ.**

૧. આ કામના આરોપીઓએ જુગારધારાની કલમ– ૧૨ મુજબનો ગુનો કર્યો હોવાનુ ચાર્જશીટ રજુ થયેલ છે.

૨. આરોપીઓને સમન્સ બજતા તેઓ અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ફરીયાદની નકલ વીના મુલ્યે આપવામાં આવેલ છે. આજરોજ આરોપીઓને ગુનાની સ્વૈચ્છીક કબુલાત કરી છે અને તેઓએ અહેસાસ થયાનુ જણાવેલ હોય, ભવીષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવાની ખાતરી આપેલ છે.

૩. ઉપરોકત વીગતો ધ્યાને લેતાં આરોપીઓએ કબુલાત પુરસીસ આંક –૧૧ તથા આંક–૧૨ થી મુદામાલ રોકડ રકમ કલેઈમ નથી કરતા તે બાબતની પણ પુરસીસ આપેલ છે. આરોપીઓની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થિતી જોતાં આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે. અને આ બાબતે ગુજરાતની વડી અદાલતનો ૨૦૦૫ – (૧) જી. એલ. આર. ૭૦૯ નટવર હીરાચંદ ઠાકોર વીરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો ધ્યાને લેતાં આરોપીઓને હળવી સજા કરવાનુ નયાયોચીત જણાતુ હોય નયાયના વીશાળ હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**: : હુકમ : :**

આરોપી (૧)મંજુબેન વા/ઓ જગદીશભાઈ છગનભાઈ વાઘેલા (૨)હંસાબેન વા/ઓ

વિજયભાઈ દેવરાજભાઈ ચલ્લા(૩)ગીતાબેન વા/ઓ પરેશભાઈ કનૈયાભાઈ જગડા(૪)અલ્કાબેન વા/ઓ અશોકભાઈ વીઠલભાઈ ધધડા(૫)પલ્લવીબેન વા/ઓ કીર્તીભાઈ રણજીતભાઈ મેહ(૬)ધર્મિષ્ઠાબેન વા/ઓ તુષારભાઈ બચુભાઈ ધોરડારહે.રાજકોટ ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે જુ.ધા.કલમ–૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા ફરમાવવામાં આવે છે. અને દરેક આરોપીને રુા. ૨૦૦/– (અંકે રુપીયા બસો પુરા ) કુલ ૨૦૦×૬ લેખે ૧૨૦૦/–(અંકે રુપીયા એક હજાર બસો પુરા) દંડ કરવામાં આવે છે. દંડ ના ભરે તો દીન– ૧ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદામાલ રોકડ રકમ સરકાર હસ્તક ખાલસા કરવાનો હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

**DATE : 14-12-2019**

**PLACE:RAJKOT**

**(AMLANI MIHIR SURENDRA)**
**JUDICIAL MAGISTRATE FIRST CLASS(MAIN)**
**RAJKOT.**
**CODE NO.GJ01388.**